Chapter 6

111

પ્રકરણ – ૬

કવિતારૂપે રચાયેલી ઇતિહાસકૃતિઓ: સંસારસુધારાકાળની કવિતા

૧૯મી સદીમાં અન્ય સાહિત્યપ્રકારો કરતાં કવિતાનો સાહિત્ય-પ્રકાર વિશેષ લોકપ્રિય જણાય છે. પદ્યપ્રધાન મધ્યકાલીન સાહિત્ય ઉપર પડદો પડી ચૂકયો હતો, પરંતુ વિકસતા જતા ગદ્યના વાચનથી, "સરસ્વતીચંદ્ર" જેવા ગદ્યગ્રંથનો અપવાદ બાદ કરતાં, પ્રજા બહુ ટેવાઇ હોય એમ જણાતું નથી. સાહિત્યમાં અર્વાચીનતાનો પ્રાદુર્ભાવ થયો હોવા છતાં, પ્રજાની આંખ પદ્ય ઉપર જ ઠરેલી દેખાય છે. ભાષણ હોય કે ભૂગોળ હોય, સર્વપ્રકારના વિષયોનું કવિતામાં આલેખન થાય એમાં વાચક, વિવેચક કે લેખકને કશું અજુગતું નહોતું લાગતું. "કવિતાપ્રવેશ" : પ્ર. આ. ૧૯૦૮: ના સંપાદકો હિમ્મતલાલ અંજારિયા અને કરીમ મહમદ માસ્તર એ ગ્રંથની પ્રસ્તાવનામાં ૧૯મી સદીના સાહિત્યસર્જન માટે યથાર્થ જણાય તેવું વિધાન ઉચિત રીતે જ કરે છે: "ગુજરાતીમાં તો ગદ્યનું લખાણ ઘણા કાળ સુધી શિષ્ટત્વને પામ્યું જ નથી."

આવી પરિસ્થિતિમાં કવિતારૂપે રચાયેલી ચારે ઇતિહાસકૃતિઓ આપણને મળે એ આશ્ચર્યજનક ભાગ્યે જ ગણાય. એ કૃતિઓ આ પ્રમાણે છે:
:૧: "પાણીપત અથવા કુરુક્ષેત્ર" : પ્ર. આ. ૧૮૬૭:, હરગોવનદાસ કાંટાવાળા
:૨: "કવિતારૂપ હિંદુસ્તાનનો ઇતિહાસ" : ૧૮૬૭:, ભાઇશંકર કાશીરામ
:૩: "કવિતારૂપે ગુજરાતનો ઇતિહાસ" : ૧૮૭૨:, ગીરજાશંકર દલસુખરામ મેહેતા
:૪: "ભરૂચ જિલ્લાનો કેળવણી ખાતાનો ઇતિહાસ" : ૧૮૭૭:, મહેતાજી ગણપતરામ. આમાંની અનુક્રમે બીજી તથા ત્રીજી કૃતિ અદ્યાપિપર્યંત વણનોંધાયેલી રહી છે અને એ બેમાંની પહેલી તો સંસારસુધારાકાળની કવિતાને ધોરણે નોંધપાત્ર ઠરે એવી કૃતિ છે.

"પાણીપત અથવા કુરૂક્ષેત્ર" ના લેખક <u>હરગોવનદાસ કાંટાવાળા</u> પ્રસ્તાવનામાં નોંધે છે: "ઇતિહાસ જોઇએ તેવો સારો ખરી રીતે કવિતાની અંદર લખી શકાય એ શક પડતું છે, પણ કવિતામાં લખાયેલું લોકો ઉલટભેર વાંચે એ વાત ખરી છે." અહીં બે મુદ્દાઓ સ્પષ્ટ થાય છે. "ઇતિહાસ પદ્યમાં લખાય એમાં ઔચિત્ય રહેલું છે કે કેમ, એનો "શક" પડવાનો પ્રારંભ થઇ ચૂકયો છે. આમ છતાં, ગદ્યલખાણ કરતાં પદ્યલખાણ લોકોમાં સવિશેષ ઉત્સાહભેર વંચાતું હતું, એ પરિસ્થિતિની કબૂલાત પણ કાંટાવાળાની અશૂધ્ધ ભાષામાં લખાયેલી પ્રસ્તાવનામાં કરાયેલી છે. લેખક આગળ કહે છે: "...આપણને ઘટે છે કે હવે જાગૃત થઇ આપણાં દુ:ખો જણાવવા ને વાજબી હકો મેળવવા માટે પ્રયત્ન કરવા... સ્વતંત્રતાને દરેક દેશ ચાહે છે, સ્વતંત્રતા દરેક માણસને વહાલો છે, પણ તેનો ખરો અર્થ એશીઆખંડમાં બરાબર સમજાયો જ નથી.. સારા ભાગ્યે મુસલમાની રાજ ટળી અંગ્રેજી રાજ આપણા પર થયું છે, તે એ શબ્દનો ખરો અર્થ સમજાવવાને દેશી લોકોને સારૂ એક નિશાળ થઇ પડશે." "જાગૃત થઇને આપણાં દુ:ખો જણાવવા ને વાજબી હકો મેળવવા માટે પ્રયત્ન કરવા": એથી વિશેષ "સ્વતંત્રતા"નો અર્થ લેખકને અભિપ્રેત નથી જણાતો. લોકશાહી સમાનતાનો ખયાલ લેખકના મનમાં ઝાંખો ઝાંખો ઉદિત થયેલો લાગે છે: "રાજા આપણા માબાપ છે ને આપણે તેનાં છોકરાં છીએ એ જૂનો વિચાર તેમના મગજમાંથી કહાડી નાખી રાજા ને પ્રજા બંને એક જ માબાપના છોકરા છે એમ તેઓ સમજે એવું કયારે થશે !"

પાણીપતના મેદાન ઉપર ભૂતકાળમાં લડાયેલી છએક લડાઇઓનો લેખકે ઉલ્લેખ કર્યો છે. પાંડવ-કૌરવોની લડાઇઓ પછી કૂરૂક્ષેત્રમાં જીતનારા મુસલમાનો જ હતા, એમ કવિ સખેદ નોંધે છે. "મુસલમાની રાજ ટળી અંગ્રેજી રાજ આપણા પર થયું" એને કવિ દેશનું સારું "ભાગ્ય" ગણે છે. નર્મદની "હિંદુઓની પડતી"ની આ કાવ્યની વિચારણા પરત્વે અસર જોઇ શકાય.[oo]

---

oo નર્મદે મુસલમાનો માટે પ્રયોજેલો તુચ્છકારસૂચક શબ્દ "મુસલ્લા"પાછળના ઘણા કવિઓએ અપનાવી લીધો છે. કાંટાવાળા પણ "પરદેશી મ્લેચ્છ મુસલ્લા" શબ્દ પ્રયોજે છે.

એક રીતે નો કાંટાવાળાનું કાવ્ય હિંદુત્વાભિમાનનું જ કાવ્ય લાગે છે. હિંદ દેશ-એટલે કે કર્તાને મન હિંદુદેશની પડતી "દેશમાં શૂરપણાનો જોસ્સો ઓછો થયો" એ કારણે થયેલી જણાય છે. કર્તા એમની આખાબોલી પધ્ધતિ પ્રમાણે હિન્દુઓને "ઢીલી દાળ ખાનારા હિંદૂ" કહે છે ! હિંદૂઓની નબળાઇઓનું યથાર્થ નિદાન કરતા લેખક કહે છે:"મદનીતિ-પેસિવ કવાલી-ટીઝ એટલે નરમ સદગુણ જેવા કે દયા, સત્ય, એ ગુણ જો જુસ્સાવાળા સદ્ગુણ : દેશાભિમાન, સ્વમાન, મડયા રહેવું ઇ.: ન હોય તો નકામા નુકશાનકારક થઇ પડે છે."

કવિને રાજપૂતોની વીરતા માટે ખૂબ અભિમાન છે. એનું એક કારણ એમણે "બહુ મુસલમાનો માર્યા" એ છે. પરસ્પરની ઇર્ષ્યા, વ્યસનબધ્ધતા વ. કારણો રાજપૂતોની પડતી થઇ એનું લેખકને દુ:ખ છે. ઇતિહાસગ્રંથોની હકીકતોને આધારે લેખક કહે છે: મોટાં અને સારા રાજ્યોની ખરાબી "જંગલી અને જોરાવર લોકોથી" થઇ છે. ઉદાહરણ તરીકે, રોમનો વિનાશ ઉત્તર યૂરોપના જંગલી લોકોએ કર્યો હતો. આવું ઉદાહરણ આપીને, રાજપૂતોનો પરાજય કરનાર મુસલમાનોને લેખક પરોક્ષરીતે "જંગલી અને જોરાવર" પ્રજા તરીકે ઓળખાવવા માગે છે. જેમને કર્તાએ વિધર્મી ગણેલ છે તે મુસલમાનોની જ કવિએ ટીકા કરી છે એવું નથી, સ્વધર્મી મરાઠા બાંધવોના જૂલમને પણ એમણે કશી જ અલ્પોક્તિઓ કર્યા વિના ધૂત્કાર્યો છે, તે અહીં કહેવું જોઇએ. મરાઠાઓ વિશેના કવિના મનોભાવનું એક ઉદાહરણ લઇએ:

"લૂટ કાટ કરી <u>હિંદુ લોક પર</u>, કર્યો જેમણે મહાજુલમ,
લૂટી દિલ્હીની સુરત સૂરત પણ, લૂટ એ જ જ્યાં ગણ્યો ઇલમ
બની ચોર લૂટનાર જમીન પર, હોત ન રંજાડી રૈયત
આજ દયા કરી માન આપતે, રાજી સકળ રૈયત રહી હત."

મુસલમાનો તથા મરાઠાઓના જુલમો સામેનો રોષ લગભગ બધા નર્મદયુગીન કવિઓએ વ્યકત કર્યો છે. આપણા અર્વાચીનકાળના લેખકોને જ્યાં જ્યાં એમ વસ્યું છે કે અમુક અમુક શાસકવર્ગે પ્રજાને સંતાપી છે ત્યાં ત્યાં

એવા શાસકોના કાન પકડવામાં એમણે કચાશ રાખી નથી, પછી એ શાસક વિધર્મી હોય વા સ્વધર્મી હોય. એટલે, અહીં મુખ્ય વાત સ્વધર્મ-પરધર્મ :હિંદુ-મુસલમાન: ને બદલે પ્રજાને રંજાડવા અંગેની બની જાય છે. મુસલમાનો માત્ર વિધર્મીઓ હોવાને કારણે રાજકર્તાઓ તરીકે હિંદુપ્રજાને અકારા નથી લાગ્યા. :અકબર અને મહમદ બેગડા જેવા મુસ્લીમ શાસનકર્તાઓની પ્રશંસા કરીને આપણા કવિઓની જીભ જાણે કે સૂકાઇ જતી લાગે છે: પરંતુ રાજ્યકર્તા તરીકે વખતો વખત હિંદુપ્રજાને મુસ્લીમ શાસનકર્તાઓએ પીડી છે એ કારણે મુસલમાનો મુખ્યત્વે અકારા લાગ્યા છે. આ મુદ્દાને નર્મદયુગની કવિતામાંથી ઉદાહરણો આપીને પ્રસંગોપાત્ત સમર્થિત કરવામાં આવ્યો છે, તે જોઇ શકાશે.

આ વાતનું વિશેષ સમર્થન મનસુખરામ ત્રિપાઠીના પરિસ્થિતિનું સ્પષ્ટ નિદાન કરતા શબ્દોમાં કરીએ: "જેમ પૃથ્વી રાત્રિને અધીન થઇ અન્ધકારને વશ થાય છે અને દિનને અધીન થઇ પ્રકાશને વશ થાય છે તેમ દેશો પણ કોઇ વાર પ્રજારંજક રાજ્યકર્તાને હસ્તગત થઇ રક્ષાઇ સુખી થાય છે, અને કોઇ વાર પ્રજાભંજક રાજ્યકર્તાને હસ્તગત થઇ ભક્ષાઇ દુ:ખી થાય છે. તે રાજ્યકર્તાનું દેશીય હોવું કે પરદેશીય હોવું, સ્વધર્મી હોવું કે વિધર્મી હોવું, એ રક્ષક ભક્ષક થવામાં વાસ્તવિક નિમિત નથી હોતું. મુખ્ય આધાર રાજ્યકર્તાના જ્ઞાન, સુસ્વભાવ અને દૂરદૃષ્ટિ ઉપર રહે છે." :ફોર્બસ-જીવનચરિત્ર", પૃ. ૧૮:

પ્રજાને સુ-રાજ્ય ખપતું હતું. શાંતિદા રાજ્યઅમલની પ્રજાને ખેવના હતી. જ્યાં આવું સુરાજ્ય મુસલમાન રાજ્યકર્તાઓ પાસેથી પ્રજાને પ્રાપ્ત થયું છે ત્યાં કવિઓએ મુકત મને એવા શાસનનાં વખાણ કર્યાં છે. વિધર્મીઓએ સ્થાપેલું એ સુરાજ્ય હતું, એમ કહીને એમણે મોં મચકોડયું નથી. એવો અંધ વિધર્મીદ્વેષ એમણે સેવેલો નથી. વળી, સ્વધર્મી મરાઠાઓએ કરેલા જુલમો, આગળ ઉલ્લેખાયું છે એમ, ગુજરાતી પ્રજાને કાંઇ ઓછા કષ્ટદાયક લાગ્યા નથી. દક્ષ રાજ્ય-વહીવટકાર તરીકે પંકાએલા નંદશંકર જેવા સંસારસુધારાકાળના એક પ્રતિષ્ઠિત અને ઠાવકા સ્વભાવના લેખક વાજબી કારણોસર જ ગુજરાત ખાતેના મુસલમાનો-ના વહીવટને મરાઠાઓના વહીવટ કરતાં વધારે સારો ઠરાવે છે: "મરાઠાના

રાજ્યથી મુસલમાનોનો અધિકાર સો દરજ્જે સારો.. મરાઠા તો તીડનાં ઝુંડ જેવા ઘાસપાન જ ખાઇ જાય.. એમણે કશું સ્થાયી કર્યું જ નહિ. લોકના હૃદયમાં સામ્રાજ્ય સ્થાપવાનો કાંઇ પ્રયત્ન આદર્યો નહિ. દક્ષિણમાં જે કર્યું હોય તે ખરૂં, પણ ગુજરાતમાં મારતોડ, લૂટફાટ સિવાય બીજું કાંઇ કર્યું જણાતું નથી" : "નંદશંકર જીવનચિત્ર", પૃ. ૧૩૬-૧૩૭: આમાં અપવાદરૂપે મારાઠા વીર શિવાજીને ગુજરાતી કવિઓ જુદા તારવી લે છે. પણ એની થોડી વિગતે નોંધ પછી કરીશું.

અંગ્રેજ અમલે એના પ્રારંભમાં ભારતીય પ્રજાને અર્પેલી મનની નિરાંતને વ્યક્ત કરતા કર્તા લખે છે:

"નથી હુલકર રે આવવાનો, નથી ઉજ્જડ દેશ થવાનો,
નથી પિંડારાનું રહ્યું જોર, પાપી કૂર હતા જે છ ચોર,
. . . .
નથી જંગિસ, તેમુર જેવા, આવવાના હવે કૂર એવા,
નથી દેશપતિ રે મુસલ્લા, ગણે હિન્દૂ હણ્યે રીઝે અલ્લા !
. . . .
માટે હથિયારનું નથી કામ, નથી પાણીપતે સંગ્રામ."

કર્તાએ આમાંની છેલ્લી પંક્તિ ભારતમાં લડાનાર વહેમ તથા સુધારા વચ્ચેની સાતમી લડાઇ વિશે લખી છે. આ પહેલાં "કુરૂક્ષેત્ર" માં ખેલાયેલી છ લડાઇઓના ઉલ્લેખો લેખકે કર્યા છે. સાતમી લડાઇમાં "વહેમજવન" સામે વિદ્યાદેવીની મદદથી લડવાનું કર્તા સૂચવે છે. એમાં સ્થૂળ શસ્ત્રાસ્ત્રની જરૂર લેખકને સ્વાભાવિક રીતે જ દેખાઇ નથી. દલપતરામની ઢબે "કાઢો શાળા, પુસ્તકશાળા," "પૂરૂં વિવા", "દેશાટણ" કરો એવો ઉપદેશ કાંટાવાળાએ આપ્યો છે.

કાવ્યને અંતે રાણી તરફની વફાદારીનું સોગંદનામું મોટે ભાગે આવવાનું જ:

"થઇ ઉપકારી તમો રાણીના, વફાદાર થઇ રે'જો,
પછી અરજ કરી જે જોઇએ તે સુખે માગી લેજો."

દેશમાં સલાહસંપ થાય, વિદ્યાપ્રસાર થાય તથા દેશનો સર્વ રીતે ઉત્કર્ષ

થાય એવી મનોકામના કવિએ અંતે વ્યકત કરી છે.

ભાઇશંકર કાશીરામે "કવિતારૂપ હિંદુસ્તાનનો ઇતિહાસ" :૧૮૬૭: રચેલો છે. પ્રારંભમાં હિન્દના જુદા જુદા પ્રાંતોનું વર્ણન કવિ કરે છે.૧૮૬૭ની સાલમાં એક કર્તા સમગ્ર હિન્દને પોતાના દૃષ્ટિફલકમાં આવરવા મથે, તે ધ્યાનપાત્ર ગણાવું જોઇએ:

"દોલત વીર્યે સર્વને, બહુ મોહિત કરનાર,
ભરતખંડ જે સર્વમાં, તે વરણું આ વાર."

કવિની નજર સમક્ષ ભારતના હિંદુઓ મુખ્યત્વે રહયા છે.

"કલકતા હુગલી તીરે, ઈંગ્રેજી ગાદી શ્રેષ્ટ,
હિંદુઓની આ સમે, એ માતા છે શ્રેષ્ટ."

કવિનો સ્વતંત્રતા માટેનો ખયાલ એ જમાનાના લેખકોને અનુરૂપ એવો જણાય છે. કવિ દેશી રજવાડાંઓને અંગ્રેજ સલ્તનતથી સ્વતંત્ર પ્રદેશો ગણે છે:

"નિજામાદિ દેશ છે, હજુ સુધી સ્વતંત્ર,
હોલકર ને રજપૂતનાં, છે એવાં સ્વતંત્ર."

સમગ્ર દેશ ઉપર અંગ્રેજોનું રાજકીય આધિપત્ય હોવા છતાં દેશી રજવાડાંની પ્રજાની નજર સમક્ષ તો પોતાના રાજ્યનો રાજા જ સતત રહેતો હતો. દેશી રજવાડાની પ્રજાને અંગ્રેજોની સત્તા પ્રમાણમાં દૂરની વસ્તુ લાગતી હતી. આ રીતે જોતાં અંગ્રેજો પોતાના સાર્વભૌમત્વનો ભોગવટો દેશી રજવાડાંના રાજવીઓની ભાગીદારીમાં કરતા હતા એમ કહી શકાય. જો કે, આવા અર્થમાં કવિ દેશી રજવાડાંને સ્વતંત્ર ગણે છે એવું જણાતું નથી.

ભારત ઉપરના પરદેશીઓના હુમલાઓનું કારણ ભાઇશંકરે આપ્યું છે: "હિંદુ દોલત દેખીને, પડયાં યવનની તીડ." એમને દેશ માટે ભારે લાગણી છે, પણ નર્મદની જેમ એમને મન દેશ એટલે હિંદુ દેશ. "સદા હિંદુના દેશને ઊંચ જોવા..." નર્મદની જેમ "મુસલ્લા" શબ્દ પણ એમણે પ્રયોજ્યો છે. ઇતિહાસની ઘટનાઓને સ્પર્શતાં આ પ્રકારનાં કાવ્યોમાં હિન્દુ-મુસ્લીમ સંબંધો વિશે ઉલ્લેખો આવવાના જ. એ સંબંધ કવિને આવો લાગ્યો છે:

"વેર બીલાડી ઉંદર જેમ, મુસલમાનને હિંદુ તેમ,
નજિક બીલાડી ઉંદર રહે, એક એકને જેવાં ચહે."

હિંદુ-મુસ્લીમ સંબંધોની આવી વાસ્તવિકતા કવિ કોઇ સંકુચિત વેરભાવથી પ્રેરાઇને રજૂ કરે છે, એમ કહેવું ભાગ્યે જ યથાર્થ ઠરશે. ઉલટાનું, રામધારી-સિંહ "દિનકર" જેવા હિંદુ-મુસ્લીમ એકતાના પુરસ્કર્તા એમ માને છે કે હિંદુઓમાં "હિન્દુપણા" વિશેની જે દૃષ્ટિ દેખાય છે તે મુસ્લીમોના હાથે થયેલા હિંદુઓના સ્વમાનભગના ડંખમાંથી જન્મી છે: "મુસલમાનોંને ભારતમેં અત્યાચાર તો ઐસે ભયાનક કિયે, જિનકા દુનિયાકે ઇતિહાસમેં કહીં સાની નહીં હૈ, કિન્તુ, ભારતકા સબસે બડા અકલ્યાણ ઉન્હોંને યહ કિયા કિ, હિન્દુઓં કે હૃદયમેં ઉન્હોંને સાંપ્રદાયિકતાકી આગ પૈદા કર દી.. યહ ચીજ યહાં મુસ્લિમ સાંપ્રદાયિકતાકી દેન હૈ." :"સંસ્કૃતિ કે ચાર અધ્યાય, પૃ. ૩૨૨:

હિન્દુત્વ વિશેના ઉલ્લેખો કરતી વેળાએ ૧૯મી સદીનો આપણો કવિ હિંદુ પ્રજાની સામૂદાયિક લાગણીઓનો પડઘો પાડી રહયો છે, એમ સમજવું જોઇએ. કવિતાને પ્રજાના લાગણીતંત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ છે. પ્રજાની કેટલીક આવિર્ભૂત તો કેટલીક અનાવીર્ભૂત પણ પ્રજાહૃદયમાં ઘોળાતી લાગણી-ઓનો પડઘો સ્વભાષામાં રચાયેલી કવિતામાં પડતો હોય છે. એટલે, ભાઇશંકર જેવા કવિ જ્યારે "કાન્હડદેપ્રબંધ" ના કર્તા પદ્મનાભની જેમ મુસ્લીમોની ધર્મભંજક પ્રવૃત્તિ વિશે રોષમિશ્રિત દુ:ખ વ્યકત કરે છે ત્યારે વાસ્તવમાં એ સમસ્ત પ્રજાની લાગણીઓને વાચા આપવાનો પ્રયત્ન કરી રહયા હોય એમ ગણવું જોઇએ:

" ઓ દેવો દેશ તણા, કેમ સહ્યો આ માર !
હાલ આવા દુ:ખ પામતાં, શો બુધ્ધાઅવતાર !! "

મુસલમાનોની ધર્મભંજક પ્રવૃત્તિ વિશે ભાઇશંકર રોષ વ્યકત કરે છે, તો અકબર જેવા મુસ્લીમ સમ્રાટના હિંદુઓ તરફના વ્યવહારની એ ખૂબ તારીફ પણ કરે છે.

અંગ્રેજોના હાથમાં ભારતદેશ પડયો એનો કવિને રંજ છે, ઇશ્વરસ્તુતિ કરતી વેળાએ કવિ પૂછે છે:

" હે દીનબંધુ જગદીશ અનાથનાથા,
કયારે થશું સર્વ હમે સૂછુટા જ પાછા?

કયારે થશે રે તુ તનૂ સુસ્વતંત્ર રાજા?
કયારે થશે ઉત્તર તુલ્ય સુહિંદુ રાજા?"

છેલ્લી પંક્તિના "ઉત્તર" શબ્દ વિશે કવિ પાદનોંધમાં લખે છે: "ઉતર અમેરિક ના સ્વતંત્ર સંસ્થાનના જેવા." અમેરિકાનાં સંસ્થાનોએ ઈંગ્લાંડ સામે લડીને સ્વાતંત્ર્ય મેળવ્યું હતું એનો કવિને ખ્યાલ છે. કવિએ પ્રકારની સ્થિતિ ને વાંછે પણ છે. એ સમયના ઘણા કવિઓએ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા કે પછી આયર્લેન્ડ જેવી રાજકીયસ્થિતિ ભારત ભોગવે એવી ઇચ્છા વ્યકત કરી છે. પરંતુ આ પ્રકારની ઝંખનાનાં તથા અંગ્રેજ રાજ્યની તારીફ કરવાનાં સમાંતર વલણો પણ નર્મદયુગમાં જોવા મળે છે. ઉત્તર અમેરિકા જેવો રાજકીય દરજ્જો ભારત માટે ઇચ્છનાર ભાઇશંકર એમના "ઇતિહાસ" માં અંગ્રેજોના વહીવટ વિશે અન્યત્ર કહે છે:

"ભલું કરેલું પરદેશી કાજે, બીજી પ્રજાના સુખને જ કાજે,
જડે જ થોડા સરકાર જેવા, વને વને તો ન મળે મેવા.

ઉપરની પંક્તિમાં "સરકાર" એટલે અંગ્રેજ સરકાર. અંગ્રેજો વિશે, "જૂઓ, પરદેશી છે, છતાં પ્રજાના સુખને કાજે કેવા કેવા મનોરથો સેવે છે અને પ્રયાસો કરે છે," એવો પ્રજાનો મનોભાવ, મોગલો-મરાઠાઓના રાજ્ય-વહીવટનો કડવો અનુભવ તાજો હોય, ત્યારે, શરૂશરૂમાં જણાય એમાં આશ્ચર્ય નથી. અહીં નંદશંકરનો અભિપ્રાય ટાંકવો ઉચિત જણાશે: "ખરૂં પૂછાવો તો અંગ્રેજી અમલના અમે તો એટલા શાયક :ઇચ્છાવાળા: થયા હતા કે પરરાજ્ય તો પરરાજ્ય, પણ સડેલા મોગલો અને લૂટારા મરાઠા કરતાં તેના રાજ્યમાં હજારગણું વધારે સુખ હતું." :"નંદશંકર જીવનચિત્ર"પૃ. ૧૧૦:

અતીતના ગૌરવ સાથે ચિત્તનું અનુસંધાન કરવાનું તથા એ સાથે જ વર્તમાન હીન દશા વિશે સંતાપ સેવવાનું વલણ નર્મદયુગના કવિઓમાં જણાય છે:

"બહુ રાજા બહુ કુળના, થયા ક્ષત્રિયો શૂર,
સ્થિતિ હાલની દેખતાં, દાઝે છે બહુ ઉર."

જે દેશ "તેજથી તો ભર્યો'તો" તે જ દેશ અજ્ઞાનના અંધકારથી ઘેરાઇચૂક્યો છે. ભારતદેશને એ વિશેનું આશ્વાસન આપીને કવિ કાવ્ય પૂરૂં કરે છે:

" સકળ દિવસ સુખે, જાય ના કોય કેરા,
ચઢતી પડતી હોએ, સર્વ વારા જ ફેરા.
. . .   . . .
પણ પડતી બહુ દા'ડા, દુષ્ટ ચાલી જ તારી,
ભરત ભરતી ક્યારે, પામશે તું જ ભારી?"

ભૂતકાળ માટે ગૌરવ, વર્તમાન માટે અફસોસ તથા ભવિષ્ય માટે આશાનો સૂર કાઢીને કાવ્ય પૂરું થાય છે.

નર્મદયુગીન કવિતાના ધોરણે પ્રસ્તુત કવિનું સ્થાન એ યુગના ઉપકવિઓની આગળની હરોળમાં મૂકી શકાય એમ છે.

<u>ગીરજાશંકર દલસુખરામ</u> મહેતા(:"સરકારી નિશાળના મેહેતાજી, તા. ઝીંઝુવાડા") એ રચેલા "કવિતારૂપે ગુજરાતનો ઇતિહાસ" :૧૮૭૨: ઉપર ભાઇશંકરની આગળ જ ચર્ચેલી કૃતિની અસર જણાય છે. પ્રસ્તાવનામાં ગિરજાશંકર નોંધે છે: "કલ્પિત વાર્તાઓ વિગેરે ઘણા લોકો વાંચે છે. તેઓને ઇતિહાસ જેવી ઉપયોગી બાબત શિખવાની ભલામણ કરવામાં આવે છે ત્યારે તેઓ કહે છે કે, વાર્તાઓ કવિતામાં હોવાથી વાંચવાનો રસ પડે છે અને ઇતિહાસ ગદ્યમાં હોવાથી બિલકુલ રસ પડતો નથી. આ વાત તો ખરી જ છે કે હાલ આપણા લોકોમાં કવિતા વાંચવાનો શોખ વધી ગયો છે અને ગદ્ય વાંચવા ઉપર બધા લોકો બરાબર લક્ષ આપતા નથી...તેથી.. આ ઇતિહાસ મેં કવિતામાં બનાવ્યો છે."

"કવિતામાં લખાએલું લોકો ઉલટભેર વાંચે એ વાત ખરી છે", એવી કાંટાવાળાની કબૂલાત આગળ નોંધી જ છે. આ પ્રકારના અન્યત્ર મળતા રસપ્રદ ઉલ્લેખો એ જમાનામાં કવિતાનો જનમાનસ ઉપર કેવો ભારે પ્રભાવ હતો તે દર્શાવવા માટે અહીં નોંધ્યા છે. બહારના જગતમાં સામાન્ય રીતે વેપારી ગણાઇ ગયેલી પ્રજાને, એ સમયના સરકારી કેળવણીખાતાએ સરકારી વાચનમાળાની સાત ચોપડીઓમાંથી કવિતાઓ જુદી તારવીને સંપાદિત કરેલા "ગુજરાતી કવિતાસંગ્રહ" :૬ઠી આ. ૧૮૭૦: ની પ્રસ્તાવનામાં આપેલું ~~અપાયેલું~~ પ્રમાણપત્ર ગમી જાય એવું છે: "ગુજરાતી લોકોને કવિતા વાંચતાં બહુ હરખ ઉપજે છે." કવિ નર્મદને અર્પણ કરાયેલ ગ્રંથ "પરસોતમકૃત કવિતા"

:૧૮૭૦:નો લેખક પરસોતમ ત્રિભોવનદાસ કહે છે: "જુવાન રાંડેલી સ્ત્રીઓને જોઇને મારા મનને ઘણો ખેદ થાય છે એ બતાવવાને હું ગદ્યમાં લખવાનો હતો, પણ તેથી કવિતા જેવી અસર થાય નહિ માટે તેમ કર્યું છે."

"કવિતારૂપે ગુજરાતનો ઇતિહાસ"ની લેખનકલા કાચી છે. દંતકથાઓ તથા શુષ્ક વિગતોથી એ ભરેલો છે. ગુજરાતના છેલ્લા હિંદુરાજા કરણનું રાજ્ય ગયું, એ પછીના ગુજરાતની સ્થિતિનો લેખક ચિતાર આપે છે:

" મુસલમાનના ધર્મને, અને હિંદુને વેર,
દાઝ એ રાખી તરકડે, કીધો કાળો કેર
... .
જૂલમ ઝાઝો બીજો કરી, લીધી તેમની લાજ,
... .
છેવટ ઇંગ્લીશ રાજમાં, આજ પામીએ સુખ."

જે રીતે ભાઇશંકરે મુસલમાનોએ આપેલા ત્રાસના વર્ણન પછી પણ અકબરનું કૃતજ્ઞભાવે સ્મરણ કર્યું છે, એ જ રીતે ગિરજાશંકર મહમદ બેગડાને યાદ કરીને પ્રશંસે છે:

"સાચો ને શૂરો ઘણો, દયાવંત સરદાર,
તેથી હિંદુલોક સહુ, માને બહુ આભાર".

મહેતાજી ગણપતરામ રાજારામે "ભરૂચ જિલ્લાનો કેળવણી ખાતાનો ઇતિહાસ" :૧૮૭૭: માં દેશની પરિસ્થિતિ વિશે કેટલુંક ચિંતન કર્યું છે. ભાઇશંકર કાશીરામની જેમ જીવનવ્યવહારની ચડતી-પડતીનો ક્રમ એ પણ દર્શાવે છે. એના ઉદાહરણ તરીકે, અંગ્રેજો વિશેનો એક ઉલ્લેખ જોઇએ:

"જે લોકો પશુ તુલ્ય રાન રઝળી ખાતા હતા પાંદડાં,
તે ખાયે પકવાન ભાત બહુનાં, રાજ્યો વધારી વડાં."

જ્ઞાનપ્રસાર દ્વારા હિન્દનું પુનરુત્થાન થવાનું છે, એવી મહેતાજીને શ્રધ્ધા છે, માટે તો કેળવણીનો મહિમા એ રજૂ કરે છે:

" જે દેશે જંગલી વસંતા, વિકટ ઝાડીના વાસે,
ત્યાં સુધરેલા સર્વ થકી વસિયા છે ઊંચ અવાસે."
મહિમા મોટો કેળવણીનો, તેથી એમ થયું છે,
... ...

ગ્રેટબ્રિટન ને ફ્રાન્સ, જર્મની છે કેળવણીકુંજ,
ભોગી ભમરા મહાજ્ઞાનીઓ, કરે છ ગુંજાગુંજ."

મુસલમાનો માટે કવિ "ધર્મઝનૂની", "ધર્માન્ધો" જેવા શબ્દો પ્રયોજે છે. એમના રાજ્યકાળમાં ભારતની કેળવણીક્ષેત્રે અવનતિ થઇ એવો કવિનો મત છે. "મુસલમાનોના રાજની કાળરાત્રિ" પૂરી થવાની અણી ઉપર હતી ત્યાં "મરાઠાઓના તોફાનનું વાદળ બાઝ્યું, ને વાહાણું વાશે એવાં ચિહ્ન જણાવા લાગ્યાં", પણ મરાઠાનું સ્વદેશી રાજ્ય "વીજળીના ચમકારાની પેઠે ચળકી લય પામ્યું ને રાત કાયમ રહી." મરાઠી રાજ્ય માટે "લૂટારૂ રાજ" એવો શબ્દપ્રયોગ કવિએ કર્યો છે. મુસલમાનો-મરાઠાઓ (એ કેવો વિધિકટાક્ષ કે પરસ્પર દુશ્મનાવટ ધરાવતા બન્નેને એક જ ભૂમિકાએ જોવા-મૂકવાનો સમય આવ્યો !) ના અમલ પછી અંગ્રેજોના રાજ્યથી દેશમાં પ્રકાશ તો થયો, પણ કવિના દિલને એથી સંતોષ નથી. કવિ મર્મ માર્મિક-રીતે કહે છે: "જ્યાં સુધી પરદેશીનું રાજ્ય ત્યાંસુધી દિવસ ઉગ્યો કહેવાય નહિ. જેમ ચંદ્ર પરપ્રકાશક છે, તેમ આ દેશ પણ પરપ્રકાશક છે." સ્વરાજ્યનો સૂર્ય તો ઈંગ્લાંડમાં ઊગ્યો હતો, નહિ કે ભારતમાં. સ્વપ્રકાશક થવાની કવિની તમન્નામાં જ એમની રાષ્ટ્રીયઅસ્મિતાનો પરિચય વાચકને મળી રહે છે.

પ્રારંભમાં લોકો નિશાળે બાળકોને મોકલતાં ડરતા હતા. સરકારનો વિશ્વાસ પડતો નહોતો. લોકોને એવો વહેમ હતો કે કેળવણી આપવાના નામે સરકાર બાળકોને કવાયત શીખવશે, બંદૂકો ઝલાવશે અને લશ્કરમાં મરવા માટે લઇ જશે ! લોકોની આવી આરંભિક આશંકાઓ દૂર કરવામાં મેકોલેના ડિસ્પેચે સહાય કરી હતી, એવું કહીને કવિ એ ડિસ્પેચ વિષે ઉલ્લેખ કરે છે:

"નિષ્પક્ષે સર્વને, જ્ઞાન સરખું શુભ દેવું,
ઉંચા નીચા ગણવા નહીં, કેળવણી દેવા વિષે,
દીધા છે હક સરખા હવે, જ્ઞાનમાર્ગ લેવા વિષે."

ગુજરાતમાં જ્ઞાનપ્રસાર માટે હોપે કરેલા કાર્યનું કવિ ઉમળકાપૂર્વક સ્મરણ કરે છે: "અંગ્રેજોનું હિન્દુસ્તાનમાં દૃઢ રાજ્ય કરવાને.. જેવું ફુલાઇવનું આવવું,

તેવું કેળવણીને માટે હોપનું આવવું જાણવું." અંગ્રેજો તરફના સદ્‌ભાવને દૃઢાવ-વામાં ફોર્બ્સ તથા હોપ જેવા સજ્જનોએ પરોક્ષરીતે ભાગ ભજવ્યો હોય તો આશ્ચર્ય નહિ.

ઉપર્યુક્ત ચારે કૃતિઓમાં વિવિધપેરે દેશહિતચિંતા થયેલી જોવા મળેછે.

-:૨:-

<u>નવલરામ પંડ્યા</u>ની બે કાવ્યકૃતિઓ તે "બાળલગ્નબત્રીસી" :૧૮૭૫: તથા "બાળગરબાવળી" :૧૮૭૭:. એમાં સમાજસુધારાની ભાવના મુખ્યત્વે વ્યક્ત થયેલી છે. નવલરામનો સમાજસુધારો દેશહિતચિંતાથી પ્રેરાયેલો છે. "બાળલગ્નબત્રીશી" માં લેખકે બ્રહ્મચર્યમહિમા ગાઇને સ્પષ્ટ કર્યું છે કે અંગ્રેજોમાં બાળલગ્ન થતાં નથી એ તાકાતે એમણે ભારતમાં રાજ્ય જમાવ્યું છે. દેશોન્નતિ માટે ભારતવીરોનાં તન તથા મનને કેળવવાનો ~~કેળવણીને~~ એમણે આગ્રહ રાખ્યો છે. એ જમાનામાં ભારતવીરોની શારીરિક સમૃધ્ધિ ઉપર નવલરામે મૂકેલો ભાર ધ્યાનપાત્ર જણાય:

"ઈંગ્રેજો રાજ કરે, દેશિ રહે દબાઇ !
એમાં શી નવાઇ? જોને બેનાં શરીર ભાઇ !"

"બાળગરબાવળી" નું "ઇતિહાસની આરસી" કાવ્ય પ્રસિધ્ધ છે. કવિએ એમાં ભારતના ઇતિહાસના લાંબા પટ ઉપર દૃષ્ટિ ફેંકીને કાળબળના અકલ્પ્ય સ્વરૂપને પ્રગટ કર્યું છે:

"ઇતિહાસની આરસી સાહી, મેં જોયુ માંહી,
થિરથાવર દીઠું ન કાંઇ, ફરતી છે છાંહી !"

"ઈંગ્રેજ કરે છે રાજ, જગમાં જશ લેતા", એવું ભારતનું સમકાલીન ચિત્ર રજૂ કરીને એ પૂર્વેના મુસલમાનોના સમયના ભારત વિશે નવલરામ ખ્યાલ આપે છે:

"પેઠા મુલકમાં મુસલમાન મારૂં મારૂં કરતા,
લૂંટે ઝૂંટે, વટાળે, લે જાન વહુ દીકરી હરતા."

મુસલમાનોના ભારતવાસીઓએ કરેલા પ્રતીકારનું તથા અંતે ભારતવાસીઓના થતા પરાજયનું વિષાદસભર વર્ણન કવિએ કર્યું છે:

"લડયા,પડયા હજારો શૂર કહેતા મરિયે મરિયે,
વહયું લોહી, દેશભરપૂર ડૂબ્યો લોહીને દરિયે !

એ દિવસ પડી જે પોક હજી ઉપર ગાજે !
એ દિવસ દેશિયો શોક કરોને મળી આજે!
એ દિવસ થકી પરતંત્ર થયા, લાગી ખાંપણ રે !
એ પહેલાં હતા સ્વતંત્ર ખરેખર આપણ રે !"

કવિહૃદયના ઊંડા શોકના પડઘા ઉપરની પંકિતઓમાં સાંભળી શકાય એમ છે. મુસલમાનોના રાજ્યઅમલની શરૂઆતથી જ કવિ "સ્વતંત્ર" ભારતને "પરતંત્ર" થયેલ ગણે છે. નવલરામે સ્વતંત્ર, પરતંત્ર તથા સ્વરાજ જેવા શબ્દો પ્રયોજ્યા છે ખરા. પરંતુ બંગભંગના સમયમાં તથા એ પછીના ગાંધીયુગ-માં સ્વદેશી, સ્વતંત્રતા તથા સ્વરાજ જેવા શબ્દોમાં જે પ્રાણશકિત ધબકતી દેખાય છે તે પ્રાણશકિત સંસારસુધારાકાળમાં પ્રસ્તુત શબ્દોમાં પૂરાવાની બાકી હતી.

જે પ્રજાને સુરાજ્ય ખપતું હતું તે અકબર જેવા દીર્ધદૃષ્ટિવાળા બાદશાહની તથા ગુજરાતને સુખસમૃધ્ધિનો અનુભવ કરાવનાર મહમદ બેગડાની પ્રશંસા કરવાનું ભાગ્યે જ ચૂકે. આ બન્ને બાદશાહો પ્રત્યે ૧૯મી સદીના કવિઓ અચૂક રીતે પ્રશંસાભાવનું સમાન વલણ દાખવે છે, તે અત્યાર સુધીની ચર્ચા ઉપરથી સ્પષ્ટ થઇ ચૂકયૂં જ છે. અકબર વિશે નવલરામે નોંધ્યું છે:

"નહિ જુલમ, ન ઝાઝું દાણ, નહિ પક્ષાપક્ષી,
દીધું દેશીને માન સમાન, દેસાઇગીરી બક્ષી."

આવા વિધર્મી બાદશાહની સરખામણીમાં સ્વધર્મી મરાઠાઓના ગુજરાતમાંના રાજ્યઅમલ વિશે ૧૯મી સદીના એક પણ કવિએ ભાગ્યે જ મીઠો બોલ ઉચ્ચાર્યો હશે:

"શો પેશવાઇનો દોર, પુનેથી સંચરતા,
બહુ ચકરાં જાલમજોર, "ઇકડે યા" કરતા,
માંડયાં રાજ્યે અધર્મ અપાર ધર્મનું કહાવે જે,
કરી ચાર દિવસ ચમકાર, શૂન્ય થયું સહેજે."

આગળ સ્પષ્ટ કર્યું છે એમ, આપણા કવિઓને વિધર્મી-સ્વધર્મીનો નહિ પણ સુરાજ્ય-કુરાજ્યનો પ્રશ્ન પ્રસ્તુત લાગ્યો છે.[૧]

ગુજરાતપ્રીતિનું ઉલટભેર ગાન કરનાર નવલરામે સમગ્ર "ભરતભૂમિ"ને એવા જ ઉમળકા સાથે બિરદાવેલી છે:

"મારી ભરતભૂમિ !
રૂપાળી રઢિયાળી યશાળી સુશીલ પુનિત, તારાં ચરણ ચૂમી,
આનંદે વંદૂં જય જય હરદમ નિત્ય." [2]

અખિલ ભારતીય દૃષ્ટિકોણવાળું તથા ભારતને માતૃસ્વરૂપે વંદતું આવું કાવ્ય સંસારસુધારાકાળની કવિતામાં તો વિરલ છે ને વિરલ છે માટે મૂલ્યવાન પણ છે.

<u>બુલાખીરામ ચકૂભાઇ</u>નો ઉલ્લેખ આગળના પ્રકરણમાં થયેલો છે. એમણે "યુવરાજયાત્રા" :૧૮૭૫: માં "નામદાર પ્રિન્સ ઓફ વેલ્સે મુંબાઇમાં કરેલી પધરામણીના મેળાવડાનું કવિતારૂપે વર્ણન" કર્યું છે. એ સમયે મુંબઇ આવેલા દેશીરાજ્યોના રાજવીઓનો એમણે કરેલો ઉલ્લેખ રમૂજ પ્રેરે એવો છે:

"પ્રાણ જાય પણ પ્રજાહિતાર્થે, નહિ ખરચીએ કોડી નેટ,
તે લાખોની રકમ તોડીને, આવ્યા મુંબે મધ્યે ઠેઠ.
ગવર્નરે ગણકાર્યા નહિ ને લેખામાં ગણિયા ન લગાર." વગેરે.

એ પછી, લોકો યુવરાજ જોડે રાણી વિક્ટોરિયાને સંદેશો મોકલે છે કે "આગળની પેઠે" અનુગ્રહથી અમારા તરફ જોવામાં આવતું નથી, તમારી અમારા તરફની પ્રીત ઓછી થઇ છે, "એ અઘટિત છે યુવરાજ." માત્ર ગોરી ચામડીની દાઝ રાખવામાં આવે છે, વગેરે ફરિયાદો અરજરૂપે પ્રિન્સ ઓફ વેલ્સ સમક્ષ રજૂ કરવામાં આવી છે, એ દર્શાવે છે કે પ્રજાને અંગ્રેજ રાજ્યના ફાયદા સમજાયા હતા, પરંતુ એ રાજ્ય સામે નાનો મોટો અસંતોષ રહ્યા કરતો હતો. એ અસંતોષને નમ્ર વિનવણીઓ દ્વારા રજૂ કરવામાં આવતો હતો. બ્રિટિશરાજ પ્રત્યેની પ્રારંભના સમયમાં દેખાતી પ્રજાકીય અહોભાવની લાગણીમાં થોડી ઓટ આવતી હવે વરતાય છે.

<u>શિવલાલ ધનેશ્વરે</u> "પ્રવાસવર્ણન" :૧૮૮૬: માં કાળબળનો મહિમા ગાયો છે. પ્રતાપગઢની શિવાજીના કાળની જાહોજલાલીનું સ્મરણ કરતાં તથા વર્તમાનકાળની એની અવદશા વિલોકતાં કવિને ગ્લાનિ થાય છે:

"એક સમે જ્યાં સચેત સુભટો, સજી આયુધ છત્રીશે,
વસતા નિશદિન વ્યાપ્ત વીરરસ, અંગોઅંગ અતીશે,
આજ ત્યહાં ગઢ બતાવનારા, પામર જન ધન લોભે,
અતિ વિનયભર દોડે આગે સેવક તુલ્યે શોભે."

ભારતની અવનત દશા માટે કવિ કેટલેક અંશે કાળમહિમાને કારણભૂત ગણતો લાગે છે. ખડકી સ્ટેશન જોઇને કવિના વિચારો ૧૮૧૭માં અંગ્રેજોના હાથે પરાજય પામેલા છેલ્લા પેશ્વા બાજીરાવ તરફ વળે છે:

"રે બાજીરાવ નહિ, બાઇજીરાવ સત્ય,
તેં આણી દેશ પર દુર્મતિથી વિપત્ય,
... .
હિંદુપ્રતાપરવિને કરવા અલોપ,
રે ક્યાંથી તું પ્રગટિયો કુળરાહુકોપ."

હિંદુપ્રતાપરવિનો ગ્રાસ થવા માટે અફસોસ વ્યકત કર્યા બાદ કવિ ઇંગ્લીશ કેરા "સુખદ..રાજ" ની તારીફ કરે છે.

"શિવાજી કેરા કુળકપટ" નો ભોગ થયેલો "ભોળો"અફઝલખાન કવિને યાદ આવે છે એટલું જ, બાકી, "હિંદુપણાની હાણ" દૂર કરવા માટે પ્રગટેલા "યવનસંતાપી" "મ્લેચ્છરિપુ માહરાજ શિવાજી" તરફ કવિને પૂરો આદરભાવ છે.

શિવાજી વિશેના અન્ય ઉલ્લેખોને અહીં પ્રકરણને અંતે સાથે જ નોંધી લઇએ. જેઠાલાલ દેવનાથ પડયાના કાવ્ય "સ્વાર્પણ" :૧૮૯૩: માં પ્રેમશૌર્યથી ઉછળતા અને દેશદાઝથી બળેલા શિવાજીના ચિત્તને નાયક તરીકે કલ્પવામાં આવ્યું છે. શિવાજીનું ચિત ભારતમાતાને કહે છે:

"શત્રુતણાં શિર રણે રગડાવી નાખું,
ત્હારૂં સ્વરૂપ પળમાં બદલાવી નાખું,
.. ..
મ્લેચ્છો તણો જૂલમ એ પળમાં ઉઠાવું,
ને સુખપાન ભૂમિ ભારતીને કરાવું."

ભારતના ઉધ્ધાર અર્થે એ ચિત્ત સ્વાર્પણની પ્રતિજ્ઞા અંતે લે છે. આગળ ઉલ્લેખાયેલી કૃતિ "કવિતારૂપ હિંદુસ્તાનનો ઇતિહાસ"ના કર્તા ભાઇશંકર

શિવાજી માટે કહે છે:

"મુસલમાન સૌ કર્યાં, દૂર દેશેથી દુષ્ટો,
હિન્દુ ફેરૂ નૂર, ફરી જોવાને ભૂખ્યો."

ભગ્નગૌરવ થયેલી હિંદુ પ્રજા માટે શિવાજી ભારે આસાયેશરૂપ વીરપુરૂષ બની ગયેલ જણાય છે. એ જ કવિ શિવાજી વિશે લખે છે:

"શિવાજી બહુ કાળ જીવ્યો જો હોતે આમાં !
મુલકો જીતી ઘણા, કરત હિંદુનાં ખાનાં !
સોળસેં એંસી સાલ, કાળરૂપ આવી ક્યાંથી !!
શોધી લીધો હાય !! ભાણ હિંદુનો શાથી !!!"

"આર્યહૃદ:ખદર્શક" :૧૮૮૨: માં ઉમિયાશંકર પંડયા હિંદુઓ ઉપર મુસલમાનોએ ગુજારેલાં દુ:ખોને યાદ કરે છે:

"મુસલમાન ધર્માંધ, નાશ કરી હિંદુ દેરાં";
"હિંદુ જનને શિર, પડે છે દુ:ખના ભારા,
વિદેશી જનથી વળી, મળ્યા નહિ સુખના વારા,
તૈમૂર નાદીરશાહ, સમા જુલમી નર આવ્યા,
પ્રજા બાપડી રાંક, જુલમ કરવામાં ફાવ્યા."

પ્રજા જ્યાં "બાપડી રાંક" લાગતી હોય ત્યાં એ રાંકપણાનું લાંછન દૂર કરનાર શિવાજી જેવો શૂરપુરૂષ લેખકને સ્વાભાવિક રીતે જ યાદ આવે :

"ક્યહાં શિવાજી આજ ? લાજ ધરી સાચી રાખી
ધન્ય ધન્ય ભડવીર, શિવાજી સિંહ સમો તું,
વાળી હિંદુનાં વેર, વીર પકાયો છે તું."

શ્રી ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇએ લખેલા ગ્રંથ "સૂરત સોનાની મૂરત" માં શાયર બંસીલાલ :જીવનસમય ઇ.સ.૧૭૬૫-૧૮૨૧: ની "શિવાજીની સૂરતની લૂટની લાવણી" છપાયેલ છે. ૧૮મી સદીના છેલ્લા દસકામાં અથવા મોડામાં મોડું ૧૯મી સદીના પહેલા બે દસકા દરમિયાન એને રચાયેલું ગણીએ તો પણ વિષયની દૃષ્ટિએ મધ્યકાળના ધર્મપ્રધાન સાહિત્યમાં એ જુદું તરી આવે છે:

"સત્તરવાર સૂરતને લૂટયું, છત્રપતિ છાપો મારી,
મુગલશાહના છક્કા છોડાવ્યા, કીધો બહુ હાહાકારી.
...   .
શાહીમહેલની માયા લૂટી કંઇ શણગારી બ્રાહ્મણની નારી,
...   .
બંસીલાલ કહે હિંદુ ધર્મની રક્ષા કરી નેજાધારી."

[1] પૃ. ૩૦-૩૧, પરિશિષ્ટ
વિભાગ:

સામાન્ય રીતે એમ મનાય કે સૂરતને બબ્બે વાર લૂટનાર શિવાજી ગુજરાતના કવિઓને અકારા લાગ્યા હશે. પરંતુ અકારા લાગવાને બદલે શિવાજી તો મુસ્લીમ આક્રમણ સામે હિંદુતાના ગૌરવના રક્ષણહારા વીર આપણા કવિઓને જણાયા હતા. શિવાજી વિશેના ૧૯મી સદીની કવિતામાં વારંવાર થયેલા માનયુકત ઉલ્લેખો દ્વારા એની પ્રતીતિ થાય છે. નર્મદે "ધંન શિવાજી શૂર, ગમે તેવો તોય હિંદુ" કહીને આ સૂર એના જમાનાની સમગ્ર કવિતામાં ગોઠવી આપ્યો હતો. મુસ્લીમ શાસન નીચે પ્રસંગે પ્રસંગે હીણપદનો અનુભવ કરતી પ્રજાને શિવાજીમાં હિંદુસ્વમાનનો મહાન પ્રરક્ષક દેખાય, એમાંય ઔરંગઝેબ જેવા હિંદુધર્મદ્વેષીને હંફાવનાર શિવાજી વિશેષ માનાર્હ જણાય, એ કુદરતી છે. મક્કાનો દરવાજો ગણાતા તથા મોગલ-સામ્રાજ્યના એક મહત્વના શહેર તરીકે ખ્યાતિ પામેલા સૂરતને શિવાજીએ લૂંટયું, મુસ્લીમ સલ્તનતની એ રીતે બેઇજ્જતી કરી, એથી પણ સૂરતની લૂટ અંગે દુ:ખનો ભાવ ગુજરાતી કવિઓએ ન અનુભવ્યો હોય, તે બનવાજોગ છે. શિવાજી વિશેનાં કાવ્યોમાંથી ૧૯મી સદીની ગુજરાતી કવિતાની એકંદરે હિન્દુત્વની મુદ્રાવાળી રાષ્ટ્રીય અસ્મિતાની છાપ ઉપસી આવે છે.

પાદનોંધ

૧. [illegible] મરાઠાઓ વિશેના તત્કાલીન મનોભાવને સમજવા માટે નીચેનું અવતરણ મદદરૂપ થશે:

"....ભરૂચ વગેરે તો ચૂસાયાં પણ અમદાવાદ અને નડીઆદ તો પાયમાલ થઇ ગયાં. એક તરફથી કાંતાજી લૂટે તેને હાંકી કાઢવા પિલાજી નોતરાય. "બકરૂં કાઢતાં પેસે ઊંટ" – તેમ આ નવીન અભ્યાગત તો બધી જ લીલોતરી સ્વાહા કરી ગયા. કડવો લીમડો પણ ન છોડયો!

હિન્દની આ વાડી વેરાન થઇ ગઇ..." :"નંદશંકર જીવનચિરિત્ર" પૃ. ૧૩૬:.

૨. "બાળગરબાવળી" નું આ કાવ્ય "કવિતાપ્રવેશ" :આ. ૪, ૧૯૩૧, સંપાદકો અંજારિયા-માસ્તર: માં પણ સંગ્રહાયું છે.